॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૧૭**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે**

**(અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૫)**

૧. સદ્દહંતો **પતિઅંતો રોઅંતો ફાસંતો પાલંતો અણુપાલંતો** તસ્સ

૨. પાણભોયણાએ **બીયભોયણાએ હરિયભોયણાએ પચ્છા કમ્મિયાએ પુરે કમ્મિયાએ અદિટ્ઠહાડાએ**

દગ

**(આ) આગમ પરિચય અને ૩૨ અસ્વાધ્યાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.** **(૧૦)**

૧. કયા સૂત્રની આગમ શૈલી વર્ગ છે? **અંતગડદશાંગ સૂત્ર, અનુત્તરોવવાઈસૂત્ર**

૨. એક પ્રહરની અસજ્ઝાય કોની છે? **ઉલ્કાપાત, વિદ્યુત**

૩. યૂપકમાં કોની પ્રભા એકી સાથે હોય છે? **સૂર્યની સંધ્યા, ચંદ્રની સંધ્યા**

૪. ભદ્રબાહુ સ્વામી કયા સૂત્રના રચયિતા છે? **નંદી સૂત્ર, છેદ સૂત્ર**

૫. કયા સૂત્રમાં જીવ–અજીવનું વર્ણન છે? **જીવાભિગમ સૂત્ર, પન્નવણા સૂત્ર**

૬. કોના વિમાન ઔદારિકના બનેલા છે? **ચંદ્ર, સૂર્ય**

૭. ધુમ્મસને લગતી અસજ્ઝાય કઈ છે? **ધૂમિકા, મિહિકા**

૮. અંગ સૂત્રમાં એકેક ધર્મકથાના આગમ કયા છે? **આચારાંગ, સૂયગડાંગ**

૯. સૂર્ય અને ચંદ્રના વર્ણન કયા આગમમાં છે? **સૂર્ય પ્રજ્ઞપ્તિ, ચંદ્ર પ્રજ્ઞપ્તિ**

૧૦. સંધિકાળમાં કઈ અસજ્ઝાય હોય? **મધ્યાહ્ન, મધ્યરાત્રિ**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો.**

૧. ભગવાન ...... ભાવનામાં ઓતપ્રોત થઈ ...... કષાયને શાંત કરી ...... ઈન્દ્રિયવાળા બની ગયા હતા.

**એકત્વ, ક્રોધ, શાંત**

૨. ભગવાન ......, ...... વસ્ત્રોને ધારણ કરતા ન હતા. **કિંમતી, બહુમૂલ્ય**

૩. ભગવાન ...... થઈને ...... નું સેવન કરતા ન હતા. **પ્રમાદરહિત, નિદ્રા**

૪. ભગવાનને હાથમાં શસ્ત્ર લીધેલા ......, ...... કે ...... કષ્ટ આપતા. **ગ્રામરક્ષક, પહેરેગીર, કોટવાળ**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.**

૧. કયા દેવોની અવગાહના એક હાથની છે? **અનુત્તર વિમાન**

૨. જાણીને ત્યાગનારને શું કહેવાય? **પરિજ્ઞાત**

૩. સુભૂમ કયા નરકાવાસામાં ઉત્પન્ન થયા? **અપ્રતિષ્ઠાન**

૪. પાલાની ઉપમા આપવામાં આવી છે તેને શું કહેવાય છે? **પલ્યોપમ**

૫. દક્ષિણ દિશામાં કયું વૃક્ષ છે? **કૂટ શાલ્મલી**

૬. ગર્ભની અંદર હલન–ચલન કરે તેને શું કહેવાય? **ગતિપર્યાય**

૭. કર્મ ફળ આપવાની શક્તિને શું કહેવાય? **અનુભાગ કર્મ**

૮. સર્વવિરતિ સામાયિક કોની છે? **અણગાર**

૯. નૃતમાલક દેવ કઈ ગુફાના માલિક દેવ છે? **ખંડપ્રપાત**

૧૦. સંસારનો અંત કરવો એટલે શું? **અંતકૃત**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. મંડલ એટલે શું? **ગોળાઈ.**

૨. બીજી પુત્રવધૂએ દાણાનું શું કર્યું? **દાણાના ફોતરા કાઢી ગળી ગઈ.**

૩. ધન્ય સાર્થવાહે શેનાથી સત્કાર કર્યો? **ધૂપ, પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર.**

૪ . ચાર ગતિરૂપ સંસાર જંગલને પાર કોણ કરે છે? **જે સાધુ–સાધ્વી પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે છે.**

૫. કયો ચંદ્ર હાનિ થતા થતા દેખાતો બંધ થઈ જાય છે? **અમાસનો ચંદ્ર.**

૬. જ્ઞાતાધર્મકથા સૂત્ર અંગ છે કે ઉપાંગ કેટલામું? **અંગ, છટ્ઠું.**

૭. ધન્ય સાર્થવાહના ત્રીજા નંબરના પુત્ર–પુત્રવધૂના નામ લખો. **ધનગોપ–રક્ષિકા.**

૮. ભગવાનની દેશના સાંભળવા કોણ નીકળ્યું? **જનસમૂહ, શ્રેણિક રાજા**

૯. રોહિણીએ પોતાના પિયરથી કોને બોલાવ્યા? **ખેતીમાં નિપુણ માણસોને.**

૧૦. પાંચ મહાવ્રતોની વૃદ્ધિ શેના દ્વારા કરવાની છે? **તપ, ત્યાગ, વૈરાગ્ય.**

(૧૫)

**પ્ર. ૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. સુધર્મા સ્વામી આત્માને કેવી રીતે ભાવિત કરતા હતા? જંબૂ સ્વામીના મનમાં શું ઉત્પન્ન થયું?

**સાધુચર્યાને અનુરૂપ આવાસ ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા હતા.**

**જંબૂ સ્વામીના મનમાં શ્રદ્ધાપૂર્વકની ઈચ્છા ઉત્પન્ન થઈ, જિજ્ઞાસા અને કુતૂહલ ઉત્પન્ન થયું.**

૨. આનંદ શ્રાવકે વહાણની મર્યાદા કેવી રીતે કરી? કયા ઘીની છૂટ રાખી?

**દેશાંતરમાં મોકલવા માટે યોગ્ય ચાર વહાણો તથા માલ લાવવા–લઈ જવા માટે ચાર વહાણો સિવાય બાકીના વહાણોના પચ્ચકખાણ કર્યા. એક શરદઋતુના ગાયના સારભૂત ઘીની છૂટ રાખી.**

૩. આનંદ શ્રાવકને મધ્યરાત્રિએ ક્યારે વિચાર આવ્યો?

**આનંદ શ્રાવકના અનેક શીલવ્રત, ગુણવ્રત, વિરમણ પ્રત્યાખ્યાન, પૌષધ ને ઉપવાસ આદિ વ્રતોનું પાલન કરતા અને આત્માને ભાવિત કરતા ૧૪ વર્ષ પસાર થઈ ગયા અને ૧૫ મું વર્ષ ચાલી રહ્યું હતું ત્યારે.**

૪. ઉપાસકદશાંગ સૂત્રના ૪ થી ૯ અધ્યયના નામ લખો.

**૪) સુરાદેવ, ૫) ચુલ્લશતક, ૬) કુંડકૌલિક ૭) શકડાલપુત્ર ૮) મહાશતક ૯) નંદિનીપિતા.**

**૫. કોણ બોલે છે? કોને કહે છે?**

૧) તે મેં સાંભળ્યો છે. **જંબૂ સ્વામી સુધર્મા સ્વામીને કહે છે.**

૨) તેમ થવાનું નથી. **ભગવાન મહાવીર ગૌતમ સ્વામીને કહે છે.**

**(આ) અંતગડ સૂત્રના આધારે યોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૫)**

૧. પાંચમા અધ્યયનનું નામ શું છે? (અચલ, **સ્તિમિત**, અક્ષોભ)

૨. ગુણરત્ન સંવત્સર તપમાં પારણાના દિવસો કેટલા છે? (૭૩, ૮૩, ૯૮)

૩. દ્વારિકા નગરીમાં કયો પર્વત છે? (ગિરનાર, **રૈવતક**, મહાહિમવાન)

૪. ગૌતમ અણગારે કેટલી કન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું? (૩૨, ૫૦૦, ૮)

૫. પ્રદ્યુમ્ન કોના પુત્ર હતા? (**રુક્મિણી**, જાંબવતી, સત્યભામા)

**પ્ર. ૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો.**

૧. અનુત્તરવવાઈનું પાંચમું ..... અને નવમું અધ્યયન ..... છે. **વારિષેણ કુમાર, વેહાયસ કુમાર**

૨. ..... અંગ અનુત્તરોવવાઈ સૂત્રના ..... વર્ગ કહ્યા છે. **નવમા, ત્રણ**

૩. રાજગૃહ નગર .....–..... ના ભયથી રહિત, ......, ......, ...... હતું.

**સ્વચક્ર, પરચક્ર, સમૃદ્ધ, સ્થિર, ઋદ્ધિસંપન્ન**

૪. જાલિ અણગાર ...... નામના વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા છે. **વિજય**

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક અને પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

૧. . સે વારિયા **ઈત્થિ સરાઈભત્તં, ઉવહાણવં દુક્ખખયટ્ઠાએ ।**

**લોગં વિદિતા આરંપારં ચ, સવ્વં પભૂ વારિયં** સવ્વવારં ॥

**અર્થ : તે ભગવાને રાત્રિભોજન સહિત સ્ત્રી સંસર્ગ ત્યાગીને દુ:ખ ક્ષય માટે, ઉપધાન તપથી દેહ સૂકવી નાંખ્યો. આલોક અને પરલોકના સ્વરૂપને જાણીને સર્વ પાપસ્થાનોને પ્રભુએ નિવાર્યા.**

૨. સંજમે **સુટ્ઠિ અપ્પાણં, વિપ્પમુક્કાણ તાઈણં ।**

**તેસિમેય મણાઈણ્ણં, ણિગ્ગથાણ** મહેસિણં ॥

**અર્થ : સંયમમાં સુસ્થિત, સંસારની સર્વ આસક્તિથી મુક્ત થયેલા, પોતાના આત્માની અને છકાયના જીવોની રક્ષા કરનારા, તે નિર્ગ્રંથ જે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી રહિત છે તેવા મહર્ષિઓને માટે આ અનાચીર્ણ એટલે ન આચરવા યોગ્ય છે.**

૩. તીસે **સો વયણં સોચ્ચા, સંજયાઈ સુભાસિયં ।**

**અંકુસેણ જહા નાગો, ધમ્મે સંપડિ** વાઈઓ ॥

**અર્થ : તે સંયમવતી સાધ્વી રાજેમતીના સારા આશયવાળા વચનો સાંભળીને જેવી રીતે અંકુશ વડે હાથી વશ થઈ જાય તેમ તે રહનેમિ ધર્મમાં ફરી સ્થિર થઈ ગયા.**

૪. સવ્વમેયં **મણાઈણ્ણં, ણિગ્ગંથાણ મહેસિણં ।**

**સંજમ્મિ ય જુત્તાણં, લહુભૂય** વિહારિણં ॥

**અર્થ : સંયમ અને તપથી યુક્ત તથા વાયુની જેમ અપ્રતિબંધ વિહારી નિર્ગ્રંથ મહાત્માઓને માટે આ સર્વે અનાચીર્ણ છે એટલે કે આચરવા યોગ્ય નથી.**

૫. ખેયન્ને **સે કુસલે મહેસી, અણંતનાણી ય અણંતદંસી।**

**જસંસિણો ચક્ખુપહે ઠિયસ્સ, જાણાહિ ધમ્મં ચ ધિઈં ચ** પેહિ ॥

**અર્થ : તે ભગવાન મહાવીર સંસારી જીવોના દુઃખોને જાણતા હતા. કર્મોના છેદનમાં કુશળ, મહાન ઋષિ, અનંતજ્ઞાની અને અનંતદર્શી હતા. તેઓ ઉત્કૃષ્ટ યશવાળા હતા. મોક્ષમાર્ગ પર તેઓના ચક્ષુ સ્થિર હતા. તેમના શ્રુત–ચારિત્રરૂપ ધર્મને જાણો તથા ધર્મપાલનની દઢ ધૈર્યતાને જુઓ.**

(૧૦)

**પ્ર. ૮ ભગવતી સૂત્રના આધારે મને ઓળખો.**

૧. ૨૭૦ દિવસ સંયમ પાળવાથી અમારા સુખ ઉલ્લંઘી જવાય. **મહાશુક્ર, સહસ્રાર**

૨. અમે માતાના અંગ છીએ. **માંસ, રુધિર, મસ્તક.**

૩. બે માસ નિર્મળ સંયમ પાળવાથી અમારા સુખ ઉલ્લંઘી જવાય. **નાગકુમાર આદિ ૯ ભવનપતિ**

૪. અમે ગર્ભમાં અધોમુખ, પસવાડે, સમચિત્ત રહીએ છીએ. **ગર્ભસ્થ જીવ**

૫. અમે લજ્જિત થઈએ છીએ. **દેવ**

૬. મારા વિજયથી આત્મિક સુખ પ્રાપ્ત થાય છે. **મોહનીય કર્મ**

૭. મારા સુખોની તુલના ભૌતિક સુખો સાથે થઈ શકે નહિ. **આત્મિક**

૮. જીવ પર અમારો મોટો ઉપકાર છે. **માતા–પિતા**

૯. સર્વ પ્રથમ આહાર અમારો લે છે. **માતાના લોહી, પિતાના વીર્ય**

૧૦. અમે નિર્ગ્રંથના સુખોની અણમોલતાબતાવીએ છીએ. **જિનેશ્વર ભગવંતો**

(૧૦)

**પ્ર. ૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. શીતોષ્ણ વેદના એટલે શું? **શીત–ઉષ્ણ બંને પ્રકારના પુદ્ગલોના સંયોગથી થનારી વેદના.**

૨. નરકમાં ક્રોધ કષાય વધારે કે લોભ કષાય વધારે? કેટલો? **નરકમાં ક્રોધ કષાય વધારે. સંખ્યાતગુણો.**

૩. માયા સંજ્ઞાનું બીજું અને ભય સંજ્ઞાનું ચોથું કારણ લખો.

**માયા સંજ્ઞાનું બીજું–વત્થુ ઢાંકેલાં મકાન આદિ, ભય સંજ્ઞાનું ચોથું–ભયની ચિંતવણા કરવાથી.**

૪. સંમૂર્ચ્છિમ મનુષ્યમાં ત્રીજા અને છટ્ઠા દ્વારમાં કઈ વેદના હોય? તે વેદનામાં કેટલા દંડક હોય?

**શારીરિક વેદના. ૨૪ દંડકમાં. ઔપશમિકી વેદના. ૨૪ દંડકમાં.**

૫. સંજ્ઞા કયા કર્મના ક્ષયોપશમથી હોય? **જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય.**

૬. ૧૦૫ દિવસે શ્વાસ કોણ લે છે? **ઉત્કૃષ્ટ ત્રીજા દેવલોકે, જઘન્ય પાંચમા દેવલોકે.**

૭. કોના શ્વાસ મુહૂર્ત અને થોક પ્રમાણે હોય છે? **પલ્યોપમના આયુષ્યવાળા, સંખ્યાતકાળની સ્થિતિવાળા.**

૮. ઓઘ સંજ્ઞા એટલે શું? **શૂન્ય ચિત્તે વિલાપ કરે, ખંજોળે, ઘાસ તોડે, ધરતી ખોતરે.**

૯. દ્રવ્ય વેદના એટલે શું? **ઈષ્ટ–અનિષ્ટ પુદ્ગલોની વેદના.**

૧૦. તિર્યંચના જીવ કેવી રીતે શ્વાસ લે છે? **વિમાત્રાથી– અનિયતકાળથી શ્વાસ લે છે.**

(૫)

**પ્ર. ૧૦ આગમ પરંપરાના આધારે નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.**

૧. ભગવાનના નિર્વાણ પછી ૨૮ આચાર્ય સામાન્ય પૂર્વધરપણે વિચર્યા. **સાચું.**

૨. ત્રીજા પૂર્વમાં ૮૦ લાખ પદ સંખ્યા છે. **ખોટું. ત્રીજા પૂર્વમાં ૭૦ લાખ પદ સંખ્યા છે.**

૩. સાતમા પૂર્વમાં કર્મની પ્રકૃતિ આદિનું વર્ણન છે. **ખોટું. આઠમા પૂર્વમાં કર્મની પ્રકૃતિ આદિનું વર્ણન છે.**

**અથવા સાતમા પૂર્વમાં નય, પમાણ સહિત આત્મસ્વરૂપ આદિનું વર્ણન છે.**

૪. ધુમાડામાં ગુરુત્તા હોવાથી ઉપર જાય છે. **ખોટું. ધુમાડામાં લઘુતા હોવાથી ઉપર જાય છે.**

૫. અગિયારમા પૂર્વમાં ૨૩ વત્થુ છે. **ખોટું. અગિયારમા પૂર્વમાં ૧૨ વત્થુ છે.**

**જય – જિનેન્દ્ર**


- **PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
- **NEXT CLASS STARTS AUGUST 4TH/5TH MONDAY AND TUESDAY.**
- **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.**
- **FOR BOOKS AND EXAM REGISTRATION.**